બાઈકચાલક પાસેથી લીફ્ટ માંગીને ચેઈન સેરવી ગયેલી મહિલા ઝડપાઈ

ઝુંડાલથી ત્રિમંદિર જતા રોડ પર સેક્ટર-૧૩ની મહિલાએ બાઈક લઈને જતા યુવાનને ટાર્ગેટ બનાવ્યો હતો

ગાંધીનગર, તા. ૨૪

આકર્ષક અદાઓ સાથે વિરાન વિસ્તારમાં ઉભી રહીને લીફ્ટ સ્વરૂપે મદદ માંગતી યુવતીથી જરા ચેતજો..! યુવાનોને ટાર્ગેટ બનાવીને લીફ્ટ માંગી બાઈક પાછળ બેસી ગયા બાદ ધીમેથી ગળે હાથ મુકીને યુવકને બેધ્યાન કરી મુકી સોનાની ચેઈન સેરવી લેતી યુવતીઓ-મહિલાઓ ગાંધીનગરમાં સક્રિય થઈ છે. ગાંધીનગરની એક મહિલા આ રીતે લીફ્ટ માંગીને બાઈકચાલક પાછળ બેસી જઈ ઝુંડાલથી ત્રિમંદિર જતા રોડ પર એક તોલાનો ચેઈન સેરવી સરકી ગઈ હતી. અડાલજ પોલીસે મહિલાને પકડી પાડીને તેણીની ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના ચાંદખેડા-આઈઓસી રોડ પર ન્યુ કિર્તીકુંજ સોસાયટીમાં રહેતો યુવાન નિકુંજ રમેશભાઈ પરમાર ૨૦મી જુને બપોરના અરસામાં ઘરેથી ત્રિમંદિર જવાના રોડ પર બાઈક નં. જીજે-૧૮-એમ.૪૮૫૨ લઈને નીકળ્યો હતો. ઝુંડાલ પુલ નજીક એક મહિલાએ તેની પાસે લીફ્ટ માંગી અને નિકુંજ દયા ખાઈને તેણીને લીફ્ટ પણ આપી હતી. ત્રીમંદિર પાસે આ મહિલા ઉતરી ગઈ. થોડે દૂર ગયા પછી નિકુંજને ખબર પડી કે તેના ગળામાંથી સોનાનો એક તોલા વજનનો ૨૦ હજારની કિંમતનો દોરો ગાયબ હતો. મદદ કરનાર યુવકને મહિલા ચુનો લગાવી ગઈ હતી. નિકુંજે અડાલજ પોલીસ સ્ટેશનમાં આ બનાવ અંગે ફરીયાદ નોંધાવતા અડાલજ પોલીસે તપાસ શરૂ કરી હતી. તે મહિલા સુધી પહોંચવામાં અડાલજ પોલીસને સફળતા મળી ગઈ છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ પારીજાત એપાર્ટમેન્ટમાં રહેતી મહિલા અરૂણાબેન જયેશકુમાર શર્માએ યુવકને નિશાન બનાવી ચેઈન સેરવી લીધી હોવાનું બહાર આવતા પોલીસે તેણીની ધરપકડ કરી લઈ વધુ પુછપરછ શરૂ કરી છે.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગાંધીનગરની ૨૭મી જૂને સામાન્યસભા

ગાંધીનગર, તા. ૨૪

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ.

સંસ્થા મહામંત્રી મુળજીભાઈ પરમાર દ્વારા ગત મીટીંગની કાર્યવાહી વાંચન થઈ હતી તથા જરૂરી માહિતી આપી હતી. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે વાર્ષિક આવક મર્યાદા ૬ લાખ કરવાની તેમજ ગ્રાહક સૂચકાંકના આધારે સમીક્ષા કરવાની માગણી કરેલ હતી. રવિદાસ, મદ્યમાયાની મુર્તિઓની સ્થાપના બંધારણમાં ફેરફારની કાર્યવાહી થયેલ પ્રગતિથી સભ્યોને વાકેફ કરવામાં આવ્યા.

તા. ૨૭મી જૂને સામાન્ય સભા ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે મળશે. મંગળભાઈ ચૌહાણે આભાર વ્યક્ત કર્યો હતો. મહામંત્રી મૂળજીભાઈ પરમારે જણાવેલ છે.

સરકારી વિજ્ઞાન કોલેજ, સે-૧૫નાં ચારેય ડિવીઝનમાં ૬૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેકટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજને ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રથમ વર્ષ બી.એસ.સી.ના ચાર ડિવીઝન મંજૂર કરવામાં આવ્યા છે. અને ચારેય ડિવીઝનમાં ૬૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હોવાનું કોલેજ સૂત્રોએ જણાવ્યું છે.

સરકારી વિજ્ઞાન કોલેજમાં પ્રથમ વર્ષ બી.એસ.સી.માં વિદ્યાર્થીઓનો ધસારો થયા છતાં ૩૦૦ બેઠકો ઘટી છે. તે બાબતને વધુ સ્પષ્ટ કરતા કોલેજ સૂત્રોએ જણાવ્યું છે કે સેકટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રથમ વર્ષ બીએસસીના ચાર ડીવીઝન મંજૂર થયા છે. આ ચારેય ડિવીઝનમાં ૬૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે અને બેઠકનો ઘટાડો કરવામાં આવ્યો નથી.

જૂના સચિવાલયમાંથી આધેડનો બિનવારસી મૃતદેહ મળ્યો

બિમારીથી મૃત્યુ થયું હોવાની પોલીસને આશંકા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના જુના સચિવાલય સંકુલમાં એસ.બી.આઈ. મુખ્ય શાખાના વરંડા પાસે બિનવારસી હાલતમાં એક ૪૫ વર્ષીય આધેડનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. સે. ૭ પોલીસને આ સંદર્ભે જાણ થતાં સ્થળ પર આવી પહોંચી હતી પરંતુ તેની ઓળખ થાય તેવા કોઈ આધાર-પુરાવાર મળી આવ્યા ન હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલીને મૃતકની ઓળખવિધિ તથા તેના વાલીવારસો શોધવા તજવીજ સરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં આધેડનું મૃત્યુ બિમારીથી થયું હોવાની આશંકા પોલીસે વ્યક્ત કરી છે.

જનસેવા કેન્દ્રમાંથી આધાર નોંધણી કેન્દ્ર બંધ થતા પ્રજાને ભારે પરેશાની

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર કલેકટર કચેરીમાં આવેલ જનસેવા કેન્દ્રમાં વિવિધ પ્રમાણપત્રો મેળવવા માટે દરરોજ ભારે ભીડ જોવા મળી રહી છે ત્યારે ભારે ભીડના કારણે જન સેવા કેન્દ્રમાં આવેલ આધાર નોંધણી કેન્દ્ર હાલ પુરતું બંધ કરવાની ફરજ પડી છે. પરિણામે જિલ્લામાંથી આધાર નોંધણી કરાવવા આવતા અશકત લોકોને પારવાર મુશ્કેલી વેઠવી પડે છે અને એમ.એસ. બિલ્ડીંગના ચોથા માળે આવેલ આધાર નોંધણી કેન્દ્રમાં જવાની ફરજ પડે છે.

જન સેવા કેન્દ્રમાં અત્યારે વિવિધ પ્રમાણપત્રો જેવા કે આવકનો દાખલો, જાતિ અંગેનો દાખલો તેમજ રેશનકાર્ડને લગતી બાબતોને લીધે અત્યારે ભારે ભીડ જોવા મળી રહી છે. આના પગલે આધાર નોંધણી કેન્દ્ર એ જન સેવા કેન્દ્રમાં કાર્યરત હતું તેને બંધ કરવાની ફરજ પડી છે અને આના પગલે દૂરથી આવતા તેમજ ઘરડા લોકોને એમ.એસ. બિલ્ડીંગના ચોથા માળે આવેલ આધાર નોંધણી કેન્દ્રમાં જવાની ફરજ પડી રહી છે અને કલેકટર કચેરીના નજીકમાં આ એક જ કેન્દ્ર હોવાથી અહીંયા ભારે ધસારો રહેતા ઘણી વખત દિવસભર લાઈનમાં ઉભા રહેવાનો વારો આવે છે. ઘણા લોકો દુરથી આવતા હોવાથી લોકોને ઘણી જ તકલીફ પડતી હોય છે અને ઘરડા લોકોને ઘણી વખત હાથની ફિંગર ના આવતા ફરી વખત પણ આવવાની ફરજ પડતી હોય છે તંત્ર દ્વારા સત્વરે જન સેવા કેન્દ્રમાં ફરીથી આધાર નોંધણી કેન્દ્ર શરૂ થાય તેવી માંગણી કરવામાં આવી રહી છે.

પૂજન ડાન્સીંગ કલાસ દ્વારા યોજાયેલ મેગા ડાન્સ શો

ગાંધીનગર, તા.૨૪

પૂજન ડાન્સીંગ કલાસ દ્વારા ટાઉનહોલમાં મેગા ડાન્સ અને ફેશન શોનું સુંદર આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

મેગા ડાન્સ અને ફેશન શો કાર્યક્રમમાં ૧૫૦ જેટલા બાળકોએ પોતાની મમ્મી સાથે ભાગ લઈ કાર્યક્રમ ઉજળો બનાવ્યો હતો. ગાંધીનગરના સેકટર-૨ અને સેકટર-૮ની પ્રાથમિક શાળાના બાળકોને પૂજન ડાન્સીંગ કલાસના સંચાલિકા પ્રજ્ઞાબેન ગજજરે તાલીમ આપી સ્ટેજ પુરું પાડયું હતું. ૩ વર્ષથી લઈને ૬૦ વર્ષ સુધીની વયના કલાકારોએ સેવ ગર્લ ચાઈલ્ડ, વોટર, એજયુકેશન વગેરે થીમ પર ડાન્સ રજૂ કર્યા હતા. વિવિધ વેસ્ટર્ન ડાન્સ, ગુજરાત અને રાજસ્થાનના ફોક ડાન્સ રજૂ કર્યા હતા. લાયોનેસ કલબની બહેનોએ રાજસ્થાની ડાન્સ પણ રજૂ કર્યો હતો.

પૂજન ડાન્સીંગ કલાસ દ્વારા મેગા ડાન્સ અને ફેશન શો કાર્યક્રમનું ફેમીલી શો તરીકે સુંદર યઓોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ચંદ્રિકાબેન ચૂડાસમા, કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા દ્વારા દીપ પ્રગટાવી કાયક્રમ શરૂ કરાયો હતો. અતિથિ વિશેષ તરીકે કમલભાઈ જૈન, ગનિભાઈ વાડિયા, સિસ્ટર રેણુકા, પરષોત્તમદાસ સુથાર, ડૉ. જે.ડી. ગજજર, બાબુભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું. આ પ્રસંગે લાયોનેસ કલબ, રોટરી કલબ, જિલ્લા આરોગ્ય કેન્દ્રના હોદ્દેદારો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશાબેન સરવૈયાએ કર્યું હતું. તમામ મલટી મિડિયાનું કામકાજ રૂપેશભાઈ ગજજરે સંભાળ્યું હતું.

કન્સ્ટ્રકશન સાઈટ પરથી ભંગાર ચોરી જતી ગેંગ ઝડપાઈ

શાહપુરની રેસીડેન્ટ બાંધકામ સાઈટથી લોખંડનો ભંગાર ચોરી ગયેલા ચારની ધરપકડ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા શાહપુર ગામની સિમમાં બની રહેલી કન્સ્ટ્રકશન સાઈટ શ્રી રંગ રેસીડેન્સીમાંથી લોખંડનો ભંગાર ચોરી થયા સંદર્ભેસેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી હતી. આ ચોરીમાં પોલીસે ચાર ચોરોની ધરપકડ કરીને સઘન પુછપરછ શરુ કરી છે. વધુ પુછપરછમાં અન્ય કેટલીક નાની મોટી ચોરીનો ભેદ ઉકેલાય તેવી શકયતા પોલીસે વ્યકત કરી છે.

શાહપુર ગામની સીમમાં સ્થિત શ્રી રંગ રેસીડેન્સી બાંધકામ સાઈટ પરથી લોખંડનો ભંગાર ચોરાઈ જવા પામ્યો હતો. લોખંડના ભગારની ચોરી સંદર્ભે કોન્ટ્રાકટરે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસની ટીમે તપાસ કરીને ચાર શખ્સોને ઉપરોકત ભંગાર ચોરીમાં ઝડપી લીધા છે. મુકેશ કાંતીભાઈ પટણી, લક્ષ્મણ છનાભાઈ પટણી, નગીન મફાભાઈ પટણી અને વિઠ્ઠલ પોપટભાઈ પટણી ચારેય ભંગાર ચોરોની ધરપકડ કરીને સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. ડી.એસ. વ્યાસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ એકેય ગુનામાં ઉપરોકત આરોપીઓની સંડોવણી છે કે કેમ તે સહિતની વિગતો બહાર લાવવા પોલીસે સઘન પુછપરછ શરુ કરી છે.

સેક્ટર-૨ ૩માં આવેલું સરકારી દવાખાનુ રામભરોસે

અનિયમિતતાને કારણે બંધ રહેતા વસાહતીઓને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ૩માં આવેલા સરકારી દવાખાનાની અનિયમિતતાને કારણે વસાહતીઓને છેલ્લા ઘણા સમયથી ભારે હાલાકી ભોગવવી પડે છે. દવાખાનામાં દવા લેવા આવતા દર્દીઓને અનેકવાર દવાખાનુ બંધ હાલતમાં જોવા મળે છે. જ્યારે કોઈ તબીબ કે અન્ય કર્મચારી હાજર ન હોવાથી દર્દીઓને ના છુટકે સેક્ટર-૨૪માં આવેલા સરકારી દવાખાનામાં સારવાર માટે જવું પડે છે. સેક્ટર-૨ ૩નું સરકારી દવાખાનુ નિયમિત ચાલુ રહે અને દર્દીઓને ધક્કા ન ખાવા પડે તેમજ યોગ્ય સારવાર મળી રહે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં આવેલ સેક્ટરોમાં તંત્ર દ્વારા વસાહતીઓ માટે સરકારી દવાખાનું આવેલું છે. જ્યાં સેક્ટરમાં રહેતા વસાહતીઓને સારવાર ઝડપથી મળી રહે અને અન્ય જગ્યાએ જવું ન પડે તે માટે સરકારી દવાખાનામાં મેડીકલ સેવાઓ ઉપલબ્ધ હોય છે. પરંતુ સેક્ટર-૨ ૩માં આવેલું સરકારી દવાખાનું કર્મચારીઓ અને મેડીકલ ઓફીસર હોવા છતાં અનિયમિતતાને કારણે બંધ હાલતમાં જોવા મળે છે. સેક્ટરવાસીઓ દવાખાનામાં નાની મોટી ઈજા થઈ હોય તેમજ બિમાર હોય તો મેડીકલ સેવાનો લાભ લેવા આવતા હોય છે. પરંતુ કર્મચારીઓની અનિયમિતતા અને તોછડાઈભર્યુ વર્તનને કારણે વસાહતીઓને ના છુટકે પ્રાઈવેટ દવાખાનામાં કે સરકારી હોસ્પિટલમાં જવું પડે છે. દવાખાનામાં હાજર કર્મચારીઓ પણ રજાના મુડમાં હોય તેમ દવાખાનું બંધ છે. સેક્ટર-૨૪માં જીવ તેમ કહેતા વસાહતીઓ શરમજનક સ્થિતિમાં મુકાય છે. સેક્ટર-૨ ૩નું સરકારી દવાખાનું નિયમિત ચાલુ રહે અને સેક્ટરના દર્દીઓને નજીદિકમાંજ તબિબિ સેવા મળી રહે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે. ઉલ્લેખનીય છે કે શહેરનું સૌથી મોટી શૈક્ષિક સંકુલ દવાખાનાની બિલકુલ સામે આવેલું છે. જ્યાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વિદ્યાર્થીઓ રમતા કે વાહન ચલાવતા વિદ્યાર્થીઓને અકસ્માત થતા નાની મોટી ઈજા પહોંચે છે. પરંતુ સામે જ સરકારી દવાખાનું હોવા છતાં આજદિન સુધી તબિબિ સેવાનો લાભ વિદ્યાર્થીઓને મળ્યો નથી. આથી સરકારી દવાખાનુ નિયમિત ચાલુ રહે તેવી લોકો માંગ ઉઠવા પામી છે.

દૂધમાં ભેળસેળ કરનાર વિક્રેતાને એક વર્ષની કેદ

ખોરાક-ઔષધ નિયમન તંત્રએ નમૂના લીધા હતા

ગાંધીનગર, તા. ૨૪

પાલીતાણામાં સ્થિત દૂધ વિક્રેતા દ્વારા વિતરણ થતા દૂધમાં ફેટ તેમજ નોન ફેટ નિયત માત્રા અપ્રમાણસર હોવાનું પૂરવાર થતા ડેરીના વિક્રેતાને કોર્ટે એક વર્ષની સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ભેળસેળીયા તત્વો સામે કરવામાં આવતી અસરકારક કામગીરી અને ભેળસેળ તત્વોને ખુલ્લા પાડવાના તંત્રની લોકોભિમુખ કામગીરીના ભાગરૂપે ગાંધીનગર વડી કચેરીના ફલાઈંગ સ્કવોડના ખાદ્ય નિરીક્ષક જે.એન. સોનીએ મે. ગૌતમ ડેરીના વિક્રેતા દિપકભાઈ જુવાનસિંહ બ્રહ્મભટ્ટ, નાની શાકમાર્કેટ, પાલીતાણાની પેઢીમાંથી દૂધનો નમુનો લીધો હતો. આ નમુનો ચકાસણી માટે મોકલવામાં આવતા ટેસ્ટ રીપોર્ટમાં તે નમુનો મિલ્ક કેટ તથા મિલ્ક સોલીડ નોટ ફેટ નિયત માત્રા કરતાં ઓછુ હોવાને કારણે અપ્રમાણસર જાહેર થયો હતો. ખાદ્ય નિરીક્ષક સોનીએ પાલીતાણાની જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) કોર્ટમાં આ મામલે કેસ દાખલ કર્યો હતો. જે અન્વયે કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટ દ્વારા આરોપી દિપકભાઈ જુવાનસિંહ બ્રહ્મભટ્ટને એક વર્ષની સજા કેદ અને રૂ. ૨૦૦૦ દંડ અને જો દંડ ન ભરે તો વધુ ત્રીસ દિવસની કેદની સજાનો હૂકમ કર્યો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કરવામાં આવેલી અસરકારક કામગીરી અને કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાના કારણે ભેળસેળ કરનાર તત્વોમાં ભય પ્રવર્ત્યો છે.

મુક્તિધામ ખાતે શ્રધ્ધાંજલિ સભા : ગાંધીનગરના જાણીતા મહિલા અગ્રણી અને અખિલ ભારતીય નૈતિક સ્વાસ્થ્ય સંઘના અધ્યક્ષા નીલમબેન કામદારની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે મુક્તિધામ ખાતે શ્રધ્ધાંજલિ સભા યોજાઈ હતી. નગરની મહિલા સંસ્થાઓના આગેવાનો અને સ્વાસ્થ્ય સંઘના સભ્યો અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. સૌએ સદ્‌ગતના આત્માની શાંતિ માટે સામુહિક પ્રાર્થના કરી હતી અને નગરની નારી પ્રવૃત્તિમાં સદ્‌ગત નીલમબેનના યોગદાનને યાદ કરી અંજલી આપી હતી.

(તસવીર : દિપક જાની)

આધાર નોંધણી કેન્દ્ર ગામે ગામ ખુલશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના રૂપાલ, ઈટાદરા, સાણોદર ગામ ખાતે આધારકાર્ડના કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું હતું અને ૨૫૦૦ જેટલા આધારકાર્ડ ગ્રામજનોને કાઢી આપવામાં આવ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે આગામી દિવસોમાં જિલ્લાના દરેકે દરેક ગામમાં આધાર નોંધણી કેન્દ્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે આગામી સસપ્તાહના અંતમાં કાર્યરત થઈ જશે. ગાંધીનગર જિલ્લાના દહેગામ, માણસા અને કલોલ તાલુકામાં ગામમાં બાકી રહેલા ગ્રામજનો પોતાના ગામમાં જ આધારકાર્ડની નોંધણી કરાવી શકશે અને નોંધણી કેન્દ્ર પોતાના ગામમાં હોવાથી દરેક ગ્રામજનોને નોંધણી માટે સરળતા રહેશે અને આધારકાર્ડ મેળવી શકશે તેવું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૧૫

તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૫૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વર્લ્ડ વર્ઝ ૩ડી(હિન્દી) : ૯.૪૫, ૫.૩૦, ૧૦.૩૦
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી): ૨.૪૫
શોર્ટ કટ રોમિયો : ૧૨.૦૦, ૭.૪૫

: સ્ક્રીન-૨ :
રાંઝણા : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાંજહના : ૯.૦૦
ફુકરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરી : ૧૦.૩૦
યે જવાની હૈ દિવાની : ૧.૦૦, ૬.૩૦, ૯.૪૫
ફસ્ટ એન્ડ ફુરીયસ : ૪.૦૦

સૂર્યા, વાવોલ

ચિત્તા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
એનીમી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાંઝણા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ઈનેમી: ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
શોર્ટ કટ રોમીઓ : ૧.૦૦

: સ્ક્રીન-૩ :
શોર્ટ કટ રોમીઓ : ૧૦.૪૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
ઈનીમી : ૧.૩૦

ચિરાગ, કલોલ

રાંઝણા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' નામક નાટક પ્રસ્તુત રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : વિદ્યાર્થીઓ માટે સારો દિવસ. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃષભ : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

કર્ક : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

સિંહ : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.

તુલા : કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

મકર : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

મીન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. કપૂરબા સરદારજી ચાવડા (ઉ.વ.૭૫) મુ.પો. આદિવાડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. પુષ્પાબેન વિષ્ણુપ્રસાદ રાવલ(ઉ.વ.૭૦)પ્લોટ નં. ૫૩૯/૨, સેકટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. કજીબેન ફુલાજી ઠાકોર(ઉ.વ.૭૬) મુ.પો.મગૂદરા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. વિલાસબેન ભાવેશભાઈ સાવલીયા (ઉ.વ.૪૫) મુ.પો લિખાણા, તા. સાવકુંડલા, જિ. અમરેલી.